# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- ❖ વિધાનસભામાં ગુજરાત નશાબંધી સુધારા વિધેયક અને પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ સર્વોનુમતે પસાર...
- ❖ કોંગ્રેસના તમામ સભ્યોને વિધાનસભા ગૃહમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા..
- ❖ છેલ્લાં બે મહિનામાં ૫૬૫ વ્યાજખોરો વિરુધ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી..
- ❖ આવકવેરા વિભાગ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ દેશનાં 29 અધિકારીઓનું સન્માન- રાજ્યના વલસાડના આવકવેરા અધિકારીનો સમાવેશ..
- ❖ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે રાજ્યના તમામ જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA- VIDHEYAK PASAR

વિધાનસભામાં આજે ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક અને પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ-૨૦૨૪ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

નશાબંધી સુધારા વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દારૂબંધીના કાયદામાં પોલીસ પ્રક્રિયા સરળ કરવા, ગુનેગારોને અંકુશમાં રાખવા ઉપરાંત દારૂની હેરફેર કરતા વાહનો બીજી વાર ઉપયોગમાં ન લેવાય તે હેતુથી નશાબંધી અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, આ પ્રકારના ગુનાઓમાં ઉપયોગમાં લેવાતા વાહનોની હરાજી કરીને તેના નાણાનો ઉપયોગ સરકારી યોજનાઓ માટે કરનારુ ગુજરાત સમગ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે. જપ્ત થયેલા વાહનોની હરાજી બાદ જો કોઈ વ્યક્તિ કોર્ટમાંથી નિર્દોષ સાબિત થાય, તો જે તે માલિકને હરાજીમાં મળેલી રકમ વ્યાજ સાથે પરત આપવામાં આવશે.

દરમિયાન, વિધાનસભા ગૃહમાં આજે પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ-૨૦૨૪ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો..

આ સુધારા અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ "પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ "ની જોગવાઇઓને બિન-ગુનાહિત કરવાનો છે. જેથી રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં અધ્યક્ષની નિમણૂંકની પ્રક્રિયા તેમજ સમગ્ર કાર્યપ્રણાલી સરળ બને.

પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા દ્વારા રજૂ કરાયેલ આ સુધારા અધિનિયમ અંતર્ગત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષની નિયુક્તિ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે અને તેમની સેવાના નિયમો અને શરતો કેન્દ્ર સરકાર દ્વારા માર્ગદર્શિકામાં નિર્ધારિત કરવામાં આવશે.

# VIDHANSABH- CONG. SUSPEND

ચોમાસુ સત્રના બીજા દિવસે આજે કોંગ્રેસના તમામ સભ્યોને વિધાનસભા ગૃહમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વિપક્ષ દ્વારા રજૂ કરાતા પ્રશ્નોને ગૃહમાં તક અપાતી નથી તેવા આક્ષેપ સાથે  કોંગ્રેસના ધારાસભ્યોએ સભાત્યાગ કર્યો હતો. સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે વિપક્ષના તમામ સભ્યોને સસ્પેન્ડ કરવા મૂકેલી દરખાસ્તને મોટી સંખ્યામાં ટેકો મળતા અધ્યક્ષે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને આજનાં એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા.

આ ઘટના અંગે સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે,,,,

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

જ્યારે આ અંગે પ્રતિભાવ આપતા વિપક્ષના નેતા અમિત ચાવડાએ આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- અમિત ચાવડા)**

# VIDHANSABHA-HARSH SANGHVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, છેલ્લા બે માસ દરમિયાન 565 વ્યાજખોરો વિરૂધ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં રાજ્યમાં વ્યાજખોરોની વિરૂધ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા તેમણે આ મુજબ જણાવ્યું.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં વ્યાજના દૂષણને ડામવા સરકારે વર્ષ-૨૦૨૩માં રાજ્યના અનેક જીલ્લાઓમાં લોન મેળાઓનું આયોજન કરી ૨૧ હજારથી વધુ લોકોને ૨૬૨ કરોડની લોન આપી છે.

રાજ્યમાં ઝુંબેશ દરમિયાન યોજાયેલા લોક દરબાર અંગે પુછાયેલા પુરક પ્રશ્નનો જવાબ આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના લોકો અને પોલીસ તંત્ર વચ્ચેનું અંતર ઘટે અને મુક્ત મને પોતાની ફરિયાદ પોલીસ અધિકારીઓ અને તંત્ર સામે રજૂ કરે શકે તે માટે લોકદરબારનું આયોજન કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, ગત માસ સુધીમાં રાજ્યમાં કુલ-૧ હજાર ૬૪૮ લોકદરબારો યોજવામાં આવ્યા હતા.

# VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

# VIDHANSABHA- PRAFUL PANSERIYA

રાજ્ય સરકારે વર્ષ 2022થી 2024 વર્ષમાં અવસાન પામેલા વિદ્યાર્થીઓના વાલીઓને 31 લાખ રૂપિયાની સહાય ચૂકવી છે.

વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં વર્ષ ૨૦૨૨-૨૩માં અવસાન પામેલા ૧૪ વિદ્યાર્થીના વાલીઓને કુલ ૧૪ લાખ રૂપિયા તેમજ વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭ વિદ્યાર્થીઓના વાલીઓને કુલ ૧૭ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

તેમણે કહ્યું કે, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અકસ્માતે અવસાન થાય તેવા વિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર "શહીદ વીર કિનારીવાલા

યોજના હેઠળ એક લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડે છે. આ સહાયમાં રાજ્ય સરકારે કોઈપણ પ્રકારની આવક મર્યાદા રાખી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના અમલમાં આવી ત્યારે વિદ્યાર્થીના વાલીઓને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હતી, ત્યારબાદ રાજ્ય સરકારે તેમાં વધારો કરીને રકમ એક લાખ રૂપિયા કરી છે.

# CM- ROAD RASTA VIKAS MANJURI

રાજ્ય સરકારે બનાસકાંઠાના રાહ-ચાંગડા-લુવાણા-મોરથલ તેમ જ લુવાણા-બવેરાના કુલ 20 કિલોમીટરથી વધુના માર્ગને દ્વિ-માર્ગીય બનાવવા 32 કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે. આ બે રસ્તાઓની હાલની પોણા ચાર મીટરની પહોળાઈને વધારીને 7 મીટર કરીને તેને દ્વિ-માર્ગીય બનાવવામાં આવશે.

શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રસ્તાઓના વિસ્તૃતીકરણ માટે વિવિધ રાજકીય આગેવાન સહિત વિવિધ વર્ગો દ્વારા કરાયેલી રજૂઆતને ધ્યાનમાં લઇને મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ રકમને પરિણામે હવે આ રસ્તાઓ પોણા ચાર મીટરના સ્થાને 7 મીટર બનાવાશે. આથી, ગુજરાતમાંથી રાજસ્થાન તરફ જનાર વાહનવ્યવહારને સરળતા થશે.

# એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ આવતીકાલે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે “માનવ કલ્યાણ માટે અવકાશ” આ વિષય ઉપર આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી ખાસ ચર્ચા પ્રસારિત કરશે.

આ ચર્ચામાં ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક સી એમ નાગરાણી અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ ભાગ લેશે.

આ કાર્યક્રમ આકાશવાણી અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી આવતીકાલે રાત્રે સાડા આઠ વાગ્યાથી પ્રસારિત થશે.

## અગત્યની જાહેરાત પૂરી થઇ.

## JamSaheb poland CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં પોલેન્ડની મુલાકાતે ગયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વોર્સોમાં સ્ક્વેર ઓફ ગુડ મહારાજા ખાતે નવા નગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના સન્માનમાં બનાવેલા સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાએ પોલેન્ડના 600 જેટલા બાળકોને ગુજરાતમાં આશ્રયનું સ્થાન આપ્યું હતું.

## CM- BAHUCHRAJI

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મહેસાણા જિલ્લાના બહુચરાજી મંદિરમાં અંદાજીત 80 કરોડ રૂપિયાના ખર્ચે 86.1 ફૂટ ઊંચુ મુખ્ય શિખર બનાવવામાં આવશે. આ સાથે મંદિરની બંને બાજુ પહોળું અને ઊંચું ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે બપોરે તેનું ખાતમૂહુર્ત કરશે.

## EK PED MA KE NAAM

રાજ્યભરમાં એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગીર સોમનાથના સૂત્રાપાડામાં GHCL ફાઉન્ડેશન દ્વારા એક હજાર વૃક્ષોનું વાવેતર કરાયું.. આ ઉપરાંત, ખેડુતોની આવક વૃદ્ધિ માટે રાહત દરે 18 હજાર ફળ પાકોનાં રોપાઓનું 300થી વધારે ખેડુતોને વિતરણ કરવામાં આવ્યું..

મોરબીના હળવદ તાલુકાપંચાયત અને વનવિભાગના સંયુક્ત ઉપક્રમે વન મહોત્સવની ઉજવણી અંતર્ગત અઢી લાખ જેટલા વૃક્ષોના વિતરણ અને ૩૧ હજારથી વધુ  રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું..

બીજી તરફ, મહેસાણા જિલ્લામાં પણ વિવિધ સ્થળોએ આ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

# VALSAD- OFFICER SANMAN

આવકવેરા વિભાગને ૧૬૫ વર્ષ પૂર્ણ થતાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ નવી દિલ્હી ખાતે દેશના ૨૯ અધિકારીઓનું નાણામંત્રી નિર્મલા સીતારમનના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું.. જેમાં વલસાડના આવકવેરા અધિકારી ધર્મેન્દ્ર ટેકવાણીનું ૫૩ વર્ષ જુની ૧૦ કરોડથી વધુની વ્યાજ સાથેની વસૂલાત કરવાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન કરાયું..

ઉલ્લેખનીય છે કે, શ્રી ટેકવાણી હાલ સેલવાસ ઇન્કમટેક્સ વિભાગનો હવાલો સંભાળી રહ્યા છે. તેમની આ સિધ્ધી બદલ આવકવેરા વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# WEATHER

આજે સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં રાજ્યનાં 43 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ મોડાસા તાલુકામાં જ્યારે ગાંધીનગર જિલ્લાનાં માણસા અને પાટણના

સરસ્વતી, ભાવનગરના મહુવા તાલુકામાં દોઢ- દોઢ ઇંચ અને પાટણ તથા ઊંઝા તાલુકામાં એક-એક ઇંચ વરસાદ નોંધાયો.

લાંબા વિરામ બાદ આજે બપોરે અમદાવાદના કેટલાક વિસ્તારોમાં ભારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે.

એકાદ કલાકના સમયગાળામાં સરેરાશ અડધો ઇંચ વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ચાંદખેડા, જગતપુર, પાલડી, વાસણા, આશ્રમરોડ વિસ્તારમાં બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો. ધોધમાર વરસાદને કારણે અખબાર નગર અને મીઠાખળી અંડરબ્રિજ બંધ કરવાની ફરજ પડી.

દરમિયાન, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે રાજ્યનાં તમામ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. આ અંગે હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- રામાશ્રય યાદવ)**

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- દ્વારકાના સુદર્શન સેતુના ઓખા તરફ આવેલા છેડેથી બેટ દ્વારકાના શ્રી દ્વારકાધીશ મંદીર સુધી ભારે વાહન તથા ખાનગી બસોની અવરજવર પર આગામી 27 ઓગસ્ટ સુધી પ્રતિબંધ મૂકાયો..

- કડાણા **APMC**ના ચેરમેન તરીકે અંબાલાલ પટેલ અને વાઇસ ચેરેમન તરીકે પી.એસ પટેલની વરણી કરાઈ..
- હિંમતનગર સાબર સ્ટેડિયમ ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત જિલ્લાકક્ષાની વોલીબોલ અને સ્વીમીંગ સ્પર્ધા યોજાઇ..
- સાબરકાંઠા જિલ્લા કલેકટરે દેલવાડા ગામે પ્રાકૃતિક ખેડૂત ડી. કે. જોષીના પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લીધી..
- ખેડા જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ઠાસરા તાલુકાના રખિયાલ ગામે રાત્રિ સભા યોજાઈ..